# વિચાર ક્રાંતિના બીજથી ક્રાંતિનો કેશરીઓ મોલ લહેરાઈ ઉઠે

## હિંમત હોય તો મહાક્રાંતિની ચિનગારીને આગ, આગને દાવાનળ બનવામાં સહકાર આપો

યુગ બદલવા માટે ઘણાં કામ કરવા પડશે. પરંતુ એ કામ નોકરોથી નહીં થઈ શકે. આ કામ ભાવનાશીલનું છે, ત્યાગીઓનું છે. મારે ભાવનાશીલ મનુષ્યોની જરૂર છે. જેને હું પ્રમાણિક કહી શકું. જેને હું પરિશ્રમી કહી શકું. જે પરિશ્રમી છે, તે પ્રમાણિક નથી અને જે પ્રમાણિક છે તે પરિશ્રમી નથી. તેને મિશનની જાણકારી નથી. આપણી પાસે સમય ખુબ ઓછો છે. અમોને માણસોની જરૂર છે. અગર આપ સ્વયં એ માણસોમાં સામેલ થવા ઈચ્છો છો, તો આવો હું આપનું સ્વાગત કરૂ છું અને આપને એ વિશ્વાસ અપાવું છું કે આપ જે કાંઈ કામ કરો છો, એ બધાં કામોના બદલે આ ખુબ સારો ધંધો છે. એનાથી શ્રેષ્ઠ કોઈ ધંધો ન હોઈ શકે. મેં કર્યો છે, એટલા માટે આપને વિશ્વાસ અપાવી શકું છું કે આ ખુબ ફાયદાનો ધંધો છે.

આપને પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરવા માટે સહાયતાની જરૂર છે. જે રાષ્ટ્રના નિર્માણમાં કામ આવી શકે. નવા વર્ગમાં, નવા ક્ષેત્રમાં જવા માટે આપ બધા મને મદદ કરો.

કામ શું કરશો? મેં ખુબ જ સુંદર યોજના બનાવી છે. એવી સુંદર યોજના આજ સુધી દુનિયામાં ન બની છે, કે ન બનશે. મે શિક્ષિતો માટે દરરોજ નિયમિત રૂપે વિના મૂલ્યે યુગ સાહિત્યનું અધ્યયન કરવાની યોજના બનાવી છે. આપ શિક્ષિત લોકો સુધી અમારો અવાજ પહોંચાડી દો, મારી જલનને પહોંચાડી દો, આપ અમારા વિચારોની ચિનગારીને પહોંચાડી દો.

લોકોને એ નહીં કહેતા કે ગુરુજી ઘણાં મોટા સિદ્ધ પુરુષ છે, મોટા મહાત્મા છે અને સૌને વરદાન આપે છે, પરંતુ એ કહેજો કે ગુરુજી એક એવી વ્યક્તિનું નામ છે. જેના પેટમાંથી એક એવી આગ નિકળે છે. જેમની આંખમાંથી અંગારા નિકળે છે. આપ એવા ગુરુજીનો પરિચય કરાવજો. સિદ્ધ પુરુષનો નહીં.

આપ મારા વિચારોનું અધ્યયન કરો અને અમારી આગની ચિનગારીને જે પ્રજ્ઞા અભિયાનની અંતર્ગત યુગ સાહિત્ય રૂપે લખવાની શરૂ કરી છે, તેને લોકો સમક્ષ ફેલાવી દો, જીવનની વાસ્તવિકતાના સિધ્ધાંતોને સમજો, સ્વપ્નોની દુનિયામાં બહાર નીકળો અને આદન પ્રદાનની દુનિયામાં આવો.

આપની નજીકમાં જેટલા પણ માણસો છે, તેમની સમક્ષ અમારા વિચારોને ફેલાવી દો અને આગળ વધવા દો, સંપર્ક બનાવા દો, અને આપ અમારી સહાયતા કરી દો, જેથી અમે એ વિચારીશીલોની પાસે, શિક્ષિતો પાસે પહોંચાડવા સમર્થ બની શકીએ. એનાથી ઓછામાં અમારું કામ ચાલવાનું નથી અને ન તો અમોને સંતોષ થશે.

મિત્રો! લોકોને અમારા વિચારોનું અધ્યયન કરવા દો, જે અમારા વિચારો વાંચી લેશે, તે અમારો શિષ્ય છે, અમારા વિચારો ઘણાં તિક્ષ્ણ છે. અમારી સમગ્ર શક્તિ અમારા વિચારોમાં સમાયેલ છે. દુનિયાને પલટાવી દેવાનો દાવો કરીએ છીએ, તે સિદ્ધિઓથી નહીં, પરંતુ અમારા સશક્ત વિચારોથી. આપ અમારા એ વિચારોને ફેલાવવામાં અમારી સહાયતા કરો.

વિશ્વચેતનાનો ઉદ્‌ઘોષ દસે દિશાઓમાં ગુંજી રહ્યો છે. તેની લાલીમાંનો આભાસ અંતરિક્ષના દરેક ખંડમાં દૃષ્ટિગોચર થઈ રહ્યો છે. ન જાણે કોનો પાંચજન્ય વાગી રહ્યો છે અને એક જ ધ્વનિ પ્રવાહિત થઈ રહ્યો છે. પરિવર્તન! પરિવર્તન!! પરિવર્તન!!! શ્રેષ્ઠ પરિવર્તન, સંપૂર્ણ પરિવર્તન. એ જ હશે આગામી સમયની પ્રકૃતિ અને ભાગ્ય. જે મનુષ્યોમાં મનુષ્યતા જીવતી હશે, એવો આ જ વિચારશે-આ જ કરશે.

આજના દિવસોમાં શાંતિકુંજની યુગનિર્માણ યોજના દ્વારા યુગ સાહિત્યનું સર્જન કરવામાં આવ્યું છે, જેની કિંમત લગભગ કાગળ, શાહી, જેટલી જ રાખવામાં આવી છે. કોઈનો કોપી રાઈટ પણ નથી. કોઈ પણ છાપી શકે છે.

જેવી રીતે શ્રવણ કુમારે પોતાના માતાપિતાને સર્વે તીર્થોની યાત્રા કરાવી હતી, એવી જ રીતે આપ પણ અમોને (વિચારરૂપે) સંસારભરના તીર્થો, પ્રત્યેક ગામ, પ્રત્યેક ઘરમાં લઈ જાવ. અમારા આ વિચારો ક્રાંતિના બીજ છે. જે આગલા દિવસોમાં ધડાકો કરશે. તમે મારૂં કામ કરો, હું તમારું કામ કરીશ.

ક્રાંતિના બીજ કોઈ મહાન ચિંતકના મગજમાંથી અંકુરિત થાય છે. ત્યાંથી જ ફૂલીફાલી ક્રાંતિકારી સાહિત્ય રૂપે બહાર આવે છે અને ચેપીરોગની જેમ અન્યના મગજમાં ઉપજી વૃદ્ધિ પામે છે. ક્રમ ચાલુ રહે છે. ક્રાંતિના ઉમંગોનું પુર ઉમટે છે. ચારે બાજુ ક્રાંતિના પર્વની ઉજવણી થાય છે. ચિનગારીની આગ અને આગનો દાવાનળ બની જાય છે. સારા નરસા તમામ પ્રકારના લોકો તેના પ્રભાવમાં આવે છે. કાદવ અને કીચડમાં પણ આગ લાગી જાય છે.

એવામાં ભાગ્યનું નિયંત્રણ કરનાર અદ્રશ્ય સત્તા પરિવર્તનના આવેગથી ભરેલી જણાય છે. તોપની ગર્જના, સૈન્યના પગલાંનો અવાજ, મોટા સત્તાધીશોનું અધઃપતન અને સમગ્ર વિશ્વમાં વ્યાપક ઉથલ-પાથલના ખળભળાટથી ભરેલો આ ક્રાંતિનો યુગ, દરેક બાજુ તિવ્ર વિનાશ અને સશક્ત સર્જનનું પુર લાવી દે છે. ક્રાંતિના આ પર્વમાં દુનિયાને પીગાળી નાખનાર કઢાઈમાં નાખી દેવામાં આવે છે અને નવો આકાર, નવું રૂપ ધારણ કરી બહાર આવે છે. મહાક્રાંતિના આ વર્ષોમાં એવું ઘણું બનતું હોય છે, જેને જોઈને બુદ્ધિશાળીઓની બુદ્ધિમત્તા ચક્કર ખાઈ જાય છે અને પ્રજ્ઞાવાનોની પ્રજ્ઞા હાસ્યાસ્પદ બની જાય છે.

વર્તમાન યુગમાં વિચાર ક્રાંતિના બીજના ચમત્કારી પ્રભાવથી ક્રાંતિની કેસરીઓ મોલ લહેરાઈ ઉઠ્યો છે. પરિવર્તનની જ્વાળાઓ ધગધગવા લાગી છે. ક્રાંતિના મહાપર્વના ઉમંગોનું કંપન ચારે બાજુ ફેલાઈ રહ્યું છે. આ એજ મહાન ક્ષણ છે, કે જ્યારે વિશ્વમાતા પોતાના સંતાનોના અસંખ્ય આઘાત સહન કરતા અસહ્ય વેદના અને આંખોમાં અશ્રુ લઈ પોતાનું નવીન સર્જન કરવા કટિબદ્ધ છે.

**- પરમ પૂજ્ય ગુરુદેવ**